## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ના બેટા, અમે તમારી ક્લાસ ટીચર બદલી નથી નાખી,... આ તો એ જ છે... લોકડાઉનમાં ઘરે રહ્યા તેમાં...!!

# ગુજરાતમાં પ્રવાસન સ્થળોને વધુ વિકસિત કરાશે : રૂપાણી

### દારૂબંધી યથાવત જ રહેશે : રાજ્યમાં બ્લૂ ફ્લેગ બીચ તરીકે ઓળખાતા દ્વારકા પાસેના શિવરાજપુર બીચનો વ્યવસ્થિત વિકાસ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી વિજય રુપાણીએ ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ મળે તે માટેના સરકારના પ્રયાસો અંગેની વાત કરી છે. રુપાણીએ ૧ જાન્યુઆરી ૨૦૨૧થી ૩૧મી માર્ચ ૨૦૨૫ સુધી નવી પ્રવાસન નીતિ અમલમાં રહેશે, આ નીતિમાં મોટા રોકાણકારોને આકર્ષવા માટે મોટા ફેરફાર કરવામાં આવ્યા છે. જેમાં બોર્ડર ટુરિઝમ સહિત રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રોમાં વિકાસ માટે રોકાણકારોને આકર્ષિત કરવા માટે નવી નીતિઓ તૈયાર કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. જે રીતે ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રમાં વિકાસ થઈ રહ્યા છે તેને વધારે વિકસિત કરવા માટેના પ્લાન વિશે પણ તેમણે ચર્ચા કરી છે.

સીએમ રુપાણીએ રાજ્યમાં વિકસિત થયેલા નવા પ્રવાસન ક્ષેત્રો જેવા કે, ગિરનાર રોપવે, સી-પ્લેન, સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત હેરિટેજ સાઈટ છે તેનો પણ વિકાસ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું છે. આ સિવાય સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક પ્રવાસન સ્થળો છે તેનો પણ વધારે વિકાસ થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું જણાવ્યું છે. ગુજરાતમાં દ્વારકા પાસે આવેલો શિવરાજપુર બીચ, કે જેને બ્લુ ફ્લેગ બીચ નામ મળ્યું છે ત્યાં વધારે પ્રવાસીઓ આવે તે માટે બીચને વિકસિત કરવાનું સરકારનું આયોજન છે.



રુપાણીએ રાજ્યમાં નવા પ્રવાસન ક્ષેત્રો વિકસિત કરવાની અને જે છે તેને વધારે વિકસિત કરવાની વાત કરીને તેમણે રાજ્યમાં પ્રવાસનની સાથે દારૂબંધી ઉઠાવી લેવાની જે ચર્ચા ચાલતી હતી તેના પર તેમણે પૂર્ણ વિરામ મૂકી દીધો છે. મુખ્યમંત્રી રુપાણીએ કહ્યું કે, રાજ્યમાં દારૂબંધી હટાવવાનો કે તેને હળવી કરવાનો સરકારનો કોઈ જ ઈરાદો નથી.

૧ જાન્યુઆરી ૨૦૨૧થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની નવી પ્રવાસન નીતિની અમલમાં મૂકીને મુખ્યમંત્રીએ કહ્યું કે તેનાથી પ્રવાસીઓ આવશે તો જીડીપીમાં વધારો થશે અને રોજગાર પણ ઉપલબ્ધ થશે. હોટલો, થીમ પાર્ક કે મનોરંજન પાર્ક, કન્વેન્શન સેન્ટર, એનએબીએચ દ્વારા માન્યતા પ્રાપ્ત વેલનેસ રિસોર્ટ એટલે કે સુખાકારી સ્થળ વગેરેના વિકાસમાં રોકાણકારોને આકર્ષવા માટે નવી નીતિમાં મોટી જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં ઈન્સ્ટેન્ટિવ અને ભાડાપેટે જમીન આપવાની પણ જોગવાઈઓ કરવામાં આવી છે.



સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિત્તે ગાંધીનગર જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ શક્તિભાઈ પટેલ દ્વારા કોબા પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના માટે ભોજનની ડીશોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. શક્તિભાઈ પટેલ દ્વારા આગામી દિવસોમાં રાયસણ, કુડાસણ, રાંદેસણ અને ધોળાકુવા સહિતના ગામોમાં એક હજારથી વધુ ભોજનની ડીશોનું વિતરણ કરવામાં આવશે. કોબા ખાતે વિવેકાનંદજીને શ્રદ્ધાંજલિ આપી તેમને યાદ કર્યા બાદ આ ડીશ વિતરણનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય બેચરજી ઠાકોર, યુવા કોંગ્રેસના ધ્રુવ પટેલ, ફેનીલ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેરમાં ઠંડીનુ જોર વધ્યુ લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીએ પહોંચ્યુ

### મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રીએ રહેતા દિવસે હજુ હળવી ગરમી : ઉતરાયણના દિવસોમાં હજુ ઠંડી વધવાની સંભાવના

ગાંધીનગર તા ૧૨

નગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૬ ડીગ્રીએ રહેતા નગરજનોએ આકરા કોલ્ડવેવમાં રાહત અનુભવી હતી જયારે આજે અચાનક જ ઠંડીનુ જોર વધ્યુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીએ પહોંચ્યુ હતુ જેના લીધે વહેલી સવારે અને ઢળતી સાંજે વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. દિવસનુ તાપમાન ૨૮ ડીગ્રીએ રહેતા વાતાવરણમાં હળવી ગરમી અનુભવાઈ હતી. હજુ ઠંડીનુ જોર વધે તેવી સંભાવના છે.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ ફરી બદલાયો છે. ધીમે ધીમે ઠંડીનો પારો ગગડી રહ્યો છે. આજે ઠંડીનો પારો ૨ ડીગ્રી ગગડયો હતો લઘુત્તમ તાપમાન ૧૪ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. સવારે પણ ઠંડીનો ચમકારો અનુભવતા નાગરિકો ગરમ કપડામાં લપેટાયા હતા. નગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનુ પ્રમાણ ઘટતા નગરજનોએ રાહત અનુભવી હતી છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાન ૧૬ ડીગ્રી રહેતા દિવસ દરમિયાન રીતસર ગરમીનો અહેસાસ થતો હતો. બે ત્રણ દિવસ અગાઉ વાદળિયા વાતાવરણના લીધે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો પરંતુ છેલ્લા બે દિવસથી ઠંડી જાણે અદ્રશ્ય થઈ ગઈ હોય તેમ અનુભવતા નગરજનો આજે ફરી એકવાર ઠંડીની ગિરફતમાં આવી ગયા હતા. શિયાળાની ઠંડીની ઋતુમાં મોસમનો મિજાજ વારંવાર બદલાય છે. રાત્રિના ગુલાબી ઠંડી અને દિવસે ગરમીનો અહેસાસ કરતા નગરજનો વિચિત્ર મોસમનો અનુભવ કરી રહ્યા છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં ભેજનુ પ્રમાણ પણ ૯૪ ટકા રહ્યુ હતુ જયારે આજે ભેજનુ પ્રમાણ ઘટયુ હતુ. ઠંડીનો પારો ઉંચકાતા નગરજનો વહેલી સવારે અને સાંજના સમયે આકરી ઠંડી અનુભવી રહ્યા છે. રાત્રિના સમયે પણ ઠંડીના લીધે સન્નાટો જોવા મળે છે. જો કે ઉતરાયણનુ પર્વ નજીકમાં હોવાથી પતંગ બજારના લીધે શોપિંગ વિસ્તારમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે.દિવસનુ તાપમાન પણ ૨૮ ડીગ્રીએ રહેતા દિવસ દરમિયાન હળવી ગરમીનો અહેસાસ પણ થઈ રહ્યો છે.

## ઉત્તરાયણના દિવસે સારો પવન રહેવાની આગાહીથી પતંગ રસિયા ગેલમાં

મકરસંક્રાંતિના પર્વે જિલ્લામાં ૧૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાવાનો હોવાની હવામાન પૂર્વાનુમાનમાં વ્યક્ત કરાયેલી સંભાવનાને લઈ પતંગ રસિયાઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮૧ માં જણાવાયા મુજબ આગામી ૧૭મી સુધી આકાશ અંશતઃ વાદળછાયુથી ચોખ્ખુ રહેશે અને વરસાદ પડવાની શક્યતા નથી. આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં મહત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૪-૧૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૧ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. હવામાં ભેજનું પ્રમાણ ૧૪ થી ૩૭ ટકા વચ્ચે રહેવાની શક્યતા છે. ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે પાકમાં રોગ-જીવાતનો ઉપદ્રવ વધવાની પૂરેપૂરી સક્યતા રહેલી છે તો પાક નિરીક્ષણ કરી પાક સંરક્ષણના પગલાં ગ્રામસેવક સાથે સંપર્કમાં રહી ભરવા ઉપરાંત હાથ નિંદામણ અને આંતરખેડની કામગીરી કરવી.

## ખૂણેખાંચરેથી

- રાજયના પશુપાલન નિયામકે આજે રાજ્યના પશુપાલન અધિકારીઓ સાથે યોજનાઓના અમલીકરણને લઈ ખાસ સમીક્ષા બેઠક કરી હતી તેમજ બર્ડફ્લુ અંગે અધિકારીઓને સતર્ક રહેવા પણ તાકીદ કરી હતી.
- રાજ્ય ચૂંટણી આયોગને શ્રેષ્ઠ ચૂંટણી આયોગનો એવોર્ડ જનાગ્રહ સંસ્થા બેંગ્લોર દ્વારા પ્રાપ્ત થયો છે.
- રાજયમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે વાહનો સંપાદન કરવા માટે એ.આર.ડી.ઓ. અને ભૂસ્તરશાસ્ત્રીની ટીમ જિલ્લાતંત્ર દ્વારા બનાવવામાં આવી છે.
- ગાંધીનગર શહેરમાં આજથી પતંગ બજારમાં થોડીક ભીડ જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કર્મચારીઓના સી.એલ. રેકર્ડ રાખતા કાર્ડની અછત ઉભી થવા પામી છે.

# યમલ વ્યાસ ભાજપના મુખ્ય પ્રવક્તા નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

ભારતીય જનતા પક્ષના મુખ્ય પ્રવક્તા તરીકે યમલ વ્યાસની નિયુક્તી કરવામાં આવી છે.

યમલ વ્યાસ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થયેલા છે અને અગાઉ પણ ભાજપની મિડિયા ટીમમાં ફરજો બજાવી ચુક્યા છે.



આજે પ્રદેશ ભાજપ દ્વારા વધુ હોદ્દેદારોની નિયુક્તી જાહેર કરાઈ છે જેમાં બે ઉપપ્રમુખ, ૧ મંત્રી, પ્રદેશના મુખ્ય પ્રવક્તા, પ્રદેશના મિડિયા પ્રભારી, પ્રદેશ કન્વીનર આઈ.ટી.સેલ, પ્રદેશ કન્વીનર સોશ્યલ મિડિયા, પ્રદેશ સહ કન્વીનર સોશ્યલ મિડિયાની નિયુક્તી કરાઈ છે.

પ્રદેશ મિડિયા પ્રભારી તરીકે યજ્ઞેશ દવેની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે ભરત બોઘરા અને એમ.એસ. પટેલની પ્રદેશ ઉપપ્રમુખ તરીકે અને પ્રદેશ મંત્રી તરીકે કુ. જયશ્રીબેન દેસાઈની નિયુક્તી કરવામાં આવી છે.


